# મોદી પર આધારિત વેબ સિરિઝના પ્રસારણ પર રોક

**ચૂંટણી પંચે આક્રમક કાર્યવાહી કરી સ્પષ્ટ આદેશ કર્યો : વેબ સિરિઝને રજૂ કરી રહેલા પ્લેટફોર્મને નોટિસ જારી કરીને આદેશ કરાયો ફિલ્મ પીએમ મોદીની રજૂઆત ઉપર પહેલાથી જ પ્રતિબંધ મુકાઈ ચુક્યો છે**

નવીદિલ્હી, તા. ૨૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે જોડાયેલી એક વેબસિરિઝને ચૂંટણી પંચ તરફથી મોટો ફટકો પડ્યો છે. ચૂંટણી પંચે આ વેબ સિરિઝને જારી કરી રહેલા પ્લેટફોર્મ ઈરોસ નાઉને નોટિસ જારી કરીને તેને તરત દૂર કરવા માટેનો હુકમ કર્યો છે. ચૂંટણી પંચે પોતાના આદેશમાં કહ્યું છે કે, અમને એવું ધ્યાન પર આવ્યું છે કે, મોદી-જર્ની ઓફ દ કોમન મેનના પાંચ એપિસોડ આપના પ્લેટફોર્મ ઉપર ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. આગામી આદેશ જારી કરવામાં ન આવે ત્યાં સુધી તેના ઓનલાઈન સ્ટ્રીમિંગને રોકવા માટેનો અમારો આદેશ છે. ચૂંટણી પંચે આની સાથે સંબંધિત તમામ સામગ્રીને દૂર કરી દેવાનો પણ નિર્દેશ જારી કર્યો છે. આ પહેલા મોદી ઉપર આધારિત બાયોપિક પીએમ નરેન્દ્ર મોદીની

રજૂઆત ઉપર પણ ચૂંટણી પંચે પ્રતિબંધ લાગૂ કરી દીધો છે. ચૂંટણી પંચે એણ પણ કહ્યું છે કે, આવી ફિલ્મ જે કોઈ રાજકીય પક્ષ અથવા વ્યક્તિ માટે સહાયક પુરવાર થાય તેને ઈલેક્ટ્રોનિક મિડિયામાં રજૂ કરી શકાય તેમ નથી. આ ફિલ્મ પ્રથમ તબક્કાના મતદાનના દિવસે એટલે કે ૧૧મી એપ્રિલના દિવસે રજૂ કરવામાં આવનાર હતી. ચૂંટણી પંચે લાલઆંખ કરીને ભાજપના નમો ટીવીની સામે પણ આક્રમક કાર્યવાહી કરી છે. ચૂંટણી પંચે સ્પષ્ટતા કરતા કહ્યું છે કે, મતદાનથી ૪૮ કલાક પહેલા ચૂંટણી પ્રચાર રોકાય નહીં ત્યાં સુધી નમો ટીવી પર ચૂંટણી સંબંધિત કાર્યક્રમ પ્રસારિત કરી શકાશે નહીં. મોદીની બાયોપિક પીએમ નરેન્દ્ર મોદીના નિર્માતા નિર્દેશક કોર્ટમાં રજૂઆત કરી ચુક્યા છે. મામલો સુપ્રીમ કોર્ટમાં પણ પહોંચી ચુક્યો છે. સુપ્રીમ કોર્ટે સુનાવણી દરમિયાન આ ફિલ્મ અંગે નિર્ણય લેવા ચૂંટણી પંચ ઉપર નિર્ણય છોડ્યો હતો. ત્યારબાદ ચૂંટણી પંચે આ ફિલ્મ નિહાળી હતી અને આ ફિલ્મને લઈને રિપોર્ટ પણ સુપ્રીમ કોર્ટમાં રજૂ કરાયા છે. પ્રથમ બે તબક્કામાં ૧૮૬ સીટ માટે મતદાન પરિપૂર્ણ થઈ ચુક્યું છે. હવે ત્રીજા તબક્કામાં ૨૩મી એપ્રિલના દિવસે મતદાન થશે જેમાં મોદીના વતન રાજ્ય ગુજરાતમાં તમામ ૨૬ સીટ પર ઉપર પણ મતદાન થનાર છે.

## વોટબેંક માટે મમતા કોઈપણ હદ સુધી જવા તૈયાર : મોદી

**જનતા સાથે ગુંડાગર્દીનું પરિણામ શું હોય છે તે મમતાને ખબર પડશે : મમતાના ગઢ બંગાળમાં મોદી દ્વારા આક્રમક નિવેદન : તુષ્ટીકરણ માટે બીજા દેશોના લોકોને બોલાવીને મમતા દ્વારા પ્રચાર : ટીએમસીના ગુંડાઓની લૂંટ**

બુનિયાદપુર, તા. ૨૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે ઝંઝાવતી ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત



રહ્યા હતા. મોદીએ આજે પશ્ચિમ બંગાળ, બિહાર અને ઉત્તરપ્રદેશમાં ચૂંટણી સભાઓ કરી હતી. સૌથી પહેલા પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીના ગઢમાં ઝંઝાવતી ચૂંટણી પ્રચાર કર્યો હતો જેમાં મોદીએ કહ્યું હતું કે, મમતા બેનર્જી વોટબેંક અને તુષ્ટીકરણ માટે બીજા દેશોના લોકોને બોલાવીને પ્રચાર કરાવી રહ્યા છે. સમગ્ર દેશના લોકો કહી રહ્યા છે કે, આ વખતે બંગાળમાં મોટા ફેરફાર થવા જઈ રહ્યા છે. આ વખતે ચોક્કસપણે રાજ્યના લોકોએ ફેરફાર કરવા માટે કમરકસી લીધી છે. મમતા બેનર્જીની ઝાટકણી કાઢતા મોદીએ કહ્યું હતું કે, સ્પીડ બ્રેકર મમતા બેનર્જીને ૨૩મી મેના દિવસે ખબર પડી જશે કે જનતાની સાથે મારામારી કરવા, ગુંડાગર્દી કરવા અને તેમના વિકાસને રોકવાના પરિણામ શું હોય છે. મોદીએ કહ્યું હતું કે, મમતા બેનર્જી હદ તો એ વખતે કરી રહ્યા છે જ્યારે તેઓ કહે છે કે, પશ્ચિમ બંગાળનું મોડલ સમગ્ર દેશમાં લાગૂ કરવા માંગે છે. જ્યા ટોળાબાજી અને ટેક્સ વગર જીવન પણ ચાલતું નથી. ગરીબોને ગરીબ રાખવા માટે કાવતરા ઘડવામાં આવે છે. ગરીબોની કમાણીને ટીએમસીના નેતાઓ લુંટી કાઢે છે. જ્યાં પૂજા કરવાની બાબત પણ મુશ્કેલ હોય છે. સરઘસ કાઢવા પણ મુશ્કેલ હોય છે. તુષ્ટીકરણ માટે બીજા દેશોના લોકોને બોલાવીને પ્રચાર કરવામાં આવે છે. ભારતમાં ક્યારેય આવું બન્યું નથી કે, દુનિયાના કોઈ દેશના લોકો આવીને ભારતમાં પ્રચાર કરે. પોતાની તિજોરીને ભરવા અને વોટબેંક માટે દીદી કોઈપણ હદ સુધી જવા માટે તૈયાર છે. આ પ્રકારના મોડલ દેશ તો દૂર પરંતુ બંગાળ માટે પણ મંજુર નથી. મોદીએ કહ્યું હતું કે, તેઓ મિડિયામાં જોઈ રહ્યા હતા કે કઈરીતે સામાન્ય લોકોએ, માતાઓએ ટીએમસીના ગુંડાઓને બોધપાઠ ભણાવ્યો હતો. મોટી સંખ્યામાં ખેડૂતો, મજુરો, વેપારી, કર્મચારીઓ, માતાઓ, બહેનો અને યુવાનો મતદાન કરવા માટે બહાર નિકળ્યા હતા.

## આખરે પ્રિયંકા ગાંધી પ્રચાર કરવા ગુજરાત ના આવ્યા : ઉમેદવારો નિરાશ

ગાંધીનગર

કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રા ગુજરાતમાં સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં કુલ ત્રણ સભાઓને સંબોધશે તેવી જાહેરાત કરવામાં આવી હતી પરંતુ તેમનો




ગુજરાતમાં ચૂંટણી પ્રવાસનો કાર્યક્રમ બન્યો નથી. મતદાનમાં હવે માત્ર ૨ દિવસ બાકી રહ્યાં છે ત્યારે પ્રિયંકા ગાંધી ગુજરાત આવે તેવી સંભાવના જોવામાં આવતી નથી. તેઓ ચૂંટણીની જનસભાઓની સાથે અંબાજી અને સોમનાથ મંદિરના દર્શન પણ કરવાના હતા.

૨૩મી એપ્રિલે ગુજરાતમાં ૨૬ લોકસભા બેઠકની ચૂંટણી થવાની છે. આ વખતે પહેલી એવી ચૂંટણી છે કે જેમાં પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહ કે યુપીએના ચેરપર્સન સોનિયા ગાંધી ચૂંટણીના પ્રચાર માટે ગુજરાત આવ્યા નથી. કોંગ્રેસે અગાઉથી જ નક્કી કર્યું હતું હતું કે આ બન્ને નેતાઓ લોકસભાની ચૂંટણીનો પ્રચાર નહીં કરે. એકમાત્ર કોંગ્રેસના અધ્યક્ષ રાહુલ ગાંધી જ



ગુજરાતના પ્રવાસે આવ્યા છે. જો કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ કરતાં રાહુલ ગાંધીએ ગુજરાતમાં ઓછો પ્રવાસ કર્યો છે.

ગુજરાતમાં ભાજપ માટે નબળી બેઠકો હતી ત્યાં વડાપ્રધાન મોદીએ આક્રમકતાથી પ્રચાર કર્યો છે. તેઓ ફરી એકવાર ગુજરાત આવી રહ્યાં છે. મોદી વારંવાર ગુજરાતના ચૂંટણી પ્રવાસે આવતા હોવાતી એવી અટકળો ચાલી રહી છે કે ગુજરાતમાં ભાજપ માટે નબળી બેઠકોની સંખ્યા વધારે છે. કોંગ્રેસને આ ચૂંટણીમાં મોટો ફાયદો થાય તેવો ભય ભાજપના પ્રદેશ નેતાઓને લાગી રહ્યો છે તેથી મોદીનો કાર્યક્રમ વધારે બનાવવામાં આવે છે. અમિત શાહ ગાંધીનગરના ઉમેદવાર હોવા છતાં મોદીને ગુજરાતની વધારે મુલાકાતો લેવી પડે છે તે પાર્ટીમાં વ્યાપેલો ભય હોઈ શકે છે.

૨૧મીએ જનસભાઓ અને રોડ શો કરવા માટે નરેન્દ્ર મોદીની સાથે અમિત શાહ પણ ગુજરાતમાં આવી રહ્યાં છે. કોંગ્રેસમાં માત્ર સ્ટાર પ્રચારક રાહુલ ગાંધીની સભાઓ થઈ છે. પ્રિયંકા ગાંધી ગુજરાત આવ્યા નથી. કોંગ્રેસને ગુજરાતમાં જેટલી બેઠકો મળે તેનો યશ એકમાત્ર રાહુલ ગાંધીને જશે, કારણ કે તેમના સિવાય પાર્ટીના કોઈ મોટા સ્ટાર પ્રચારક ગુજરાત આવ્યા નથી. રાહુલ ગાંધી પછી કોંગ્રેસમાં જોડાયેલા હાર્દિક પટેલની જનસભાઓ અસરકારક રહી છે.

ભાજપના સૂત્રો કહે છે કે અત્યારે જે બેઠકોમાં એવું લાગતું હશે કે કોંગ્રેસ જીતી જશે પરંતુ નરેન્દ્ર મોદી બે દિવસના ચૂંટણી પ્રવાસે હોવાથી તેઓ ભાજપ માટે નબળી બેઠકોની સ્થિતિ સુધારી દેશે. જો કે કોંગ્રેસના સિનિયર નેતા અહમદ પટેલ એવું માને છે કે ગુજરાતમાં કોંગ્રેસ ૧૦ થી ૧૫ બેઠકો લઈ જશે. તેઓ ચૂંટણીના છેલ્લા દિવસોમાં ગુજરાતના પ્રવાસે આવ્યા છે.

## સાધ્વી પ્રજ્ઞાને પણ ચૂંટણી પંચની કારણદર્શક નોટિસ

**શહીદ ઉપર વાંધાજનક ટિપ્પણી બદલ નોટિસ : ચૂંટણી પંચ દ્વારા સુપ્રીમના હુકમ બાદ આક્રમક કાર્યવાહી**

ભોપાલ, તા. ૨૦

ચૂંટણી પંચે મુંબઈ હુમલામાં શહીદ થયેલા પોલીસ અધિકારી હેમંત કરકરેના સંદર્ભમાં વિવાદાસ્પદ નિવેદન કરવા બદલ ભોપાલ લોકસભા સીટ પરથી ભાજપના ઉમેદવાર સાધ્વી પ્રજ્ઞાસિંહ ઠાકુરને કારણદર્શક નોટિસ ફટકારી છે. પ્રજ્ઞાસિંહ ઠાકુરે ભારે હોબાળો થયા બાદ આ સંદર્ભમાં પોતાના નિવેદન બદલ માફી માંગી લીધી છે પરંતુ હવે તેમની સામે ચૂંટણી પંચે નોટિસ ફટકારી છે. જિલ્લા ચૂંટણી અધિકારી અને ભોપાલના કલેક્ટર સુદામ ખાડેએ આજે કહ્યું હતું કે, પ્રજ્ઞા ઠાકુરના નિવેદનની ગંભીર નોંધ લેવામાં આવી છે. આ મામલામાં સહાયક ચૂંટણી અધિકારી પાસેથી રિપોર્ટની માંગ કરવામાં આવી છે. અમે આ કાર્યક્રમના આયોજક અને એ વ્યક્તિની સામે નોટિસ જારી કરી રહ્યા છે જે વ્યક્તિએ આ નિવેદન કર્યુ છે. ૨૪ કલાકમાં જવાબ આપવા માટે કહેવામાં આવ્યું છે. ગુરુવારે સાંજે ભોપાલ ઉત્તર વિધાનસભા ક્ષેત્રના ભાજપ કાર્યકરોની બેઠકમાં મુંબઈ એટીએસના તત્કાલિન વડા હેમંત કરકરે ઉપર જેલમાં અત્યાચાર ગુજારવાનો પ્રજ્ઞાએ આક્ષેપ કર્યો હતો અને કહ્યું હતું કે, આના કારણે કરકરેને સર્વનાશ થવાનો શ્રાપ આપ્યો હતો. ટૂંકાગાળા બાદ જ ત્રાસવાદીઓએ કરકરે પર હુમલો કર્યો હતો. અલબત્તા આ નિવેદન બાદ ચારેતરફથી ટિકાટિપ્પણી થયા બાદ પ્રજ્ઞાએ આ નિવેદન પરત લઈ લીધું હતું અને માફી માંગી લીધી હતી. સાધ્વી પ્રજ્ઞાએ એટીએસના તત્કાલિન વડા કરકરે ઉપર આક્ષેપ કરતા કહ્યું હતું કે, કસ્ટડીના ગાળા દરમિયાન ભારે અત્યાચાર ગુજારવામાં આવ્યો હતો. પ્રજ્ઞા ૨૦૦૮માં થયેલા માલેગાંવ બ્લાસ્ટ મામલામાં આરોપી છે અને હાલમાં જમીન ઉપર ચાલી રહ્યા છે. આ મામલાની તપાસ કરકરેના નેતૃત્વમાં કરવામાં આવી હતી.

## ન્યાયપાલિકાની સ્વતંત્રતા ગંભીર ખતરામાં છે : સીજીઆઈ રંજન ગોગોઈ

**સુપ્રિમ કોર્ટના સીજેઆઇ વિરુદ્ધ મહિલાએ જાતિય શોષણનો આરોપ મૂક્યો : ચીફ જસ્ટિસે આરોપોને નકાર્યા : ચીફ જસ્ટિસ વિરુદ્ધના આરોપો પર એક અન્ય જજોની બેંચ સુનાવણી કરશે**

ન્યુ દિલ્હી,તા.૨૦

ચીફ જસ્ટિસ ઑફ ઈન્ડિયા



વિરુદ્ધ એક મહિલા દ્વારા લગાવાયેલા જાતિય શોષણના આરોપ પર શનિવારે સુપ્રીમ કોર્ટમાં વિશેષ સુનાવણી થઈ. સીજેઆઈ રંજન ગોગોઈ, જસ્ટિસ અરુણ મિશ્રા અને જસ્ટિસ સંજીવ ખન્નાની બેંચે જણાવ્યું હતું કે, ચીફ જસ્ટિસ વિરુદ્ધના આરોપો પર એક અન્ય જજોની બેંચ સુનાવણી કરશે. કોર્ટે જણાવ્યું હતું કે ન્યાયપાલિકાની સ્વતંત્રતા ગંભીર ખતરામાં છે. આ દરમિયાન સીજેઆઈએ પોતાના પર લાગેલા આરોપોને પાયાવિહોણા ગણાવતા તેને આગામી સપ્તાહમાં કેટલાક મહત્વના મામલામાં થનારી સુનાવણી રોકવાના પ્રયાસનો કરાર આપ્યો હતો.

વિશેષ સુનાવણીનું કારણ જણાવતા સીજેઆઈ રંજન ગોગોઈએ જણાવ્યું હતું કે, મેં આજે કોર્ટમાં બેસવાનું અસમાન્ય અને અસાધારણ પગલું લીધું છે, કારણકે મામલો ઘણો આગળ વધી ચૂક્યો છે. ન્યાયપાલિકાને બલિનો બકરો ન બનાવી શકાય. સુનાવણી દરમિયાન સીજેઆઈ ગોગોઈએ કહ્યું હતું કે આરોપો પાછળ કોઈ મોટી તાકાત હશે, તેઓ સીજેઆઈના કાર્યાલયને નિષ્ક્રિય કરવા માગે છે. તેમણે જણાવ્યું કે તેઓ આગામી સપ્તાહે મહત્વપૂર્ણ મામલાની સુનાવણી કરવાના છે, અને આ પ્રયાસ તે મામલાઓની સુનાવણી રોકવાનો પ્રયાસ છે.

સુનાવણી દરમિયાન સીજેઆઈએ કહ્યું કે, સ્વતંત્ર ન્યાયપાલિકાને અસ્થિર કરવા મોટું કાવતરું છે. હું આ ખુરશી પર બેસીશ, અને કોઈ ડર વિના ન્યાયપાલિકા સાથે જોડાયેલા મારા કર્તવ્યને પૂરા કરતો રહીશ.

## ગણપત વસાવાનો ફરી બફાટ-- મોદી સિંહ છે, રાહુલ ગલુડિયું છે, પાકિસ્તાન કે ચીન એક રોટલી નાંખે તો પણ ચાલે

ગાંધીનગર

ગુજરાત ભાજપના કેબિનેટ મંત્રી ગણપત વસાવાએ ફરી બફાટ શરૂ કર્યો છે. અગાઉ તેમણે કોંગ્રેસને ગાળો આપી હતી. હવે તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સિંહ અને રાહુલ ગાંધીને ગલુડિયું કહ્યું છે. તેમણે એવું પણ કહ્યું કે પાકિસ્તાન કે ચીન એક રોટલી આપે તો પણ રાહુલ ગલુડિયું પૂંછડી પટપટાવે છે.

ભાજપ સરકારના વન વિભાગના કેબિનેટ મંત્રી ગણપત વસાવાને આવી ભાષા તેમને શોભતી નથી. વિરોધી પાર્ટીને દુશ્મનની જેમ વર્તવાની મંત્રીની સ્ટાઈલથી ભાજપના નેતાઓ પણ પરેશાન છે. પ્રતિસ્પર્ધી સામે શબ્દોમાં સંયમ અને શાલીનતા હોવી જોઈએ પરંતુ રાહુલ ગાંધી અને કોંગ્રેસ સાથે વર્ષોની દુશ્મનાવટ હોય તેવું ગણપત વસાવાનું વર્તન જોવા મળે છે. ભાજપના પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણી પણ સંયમ ચૂકે છે. તેમણે કોંગ્રેસને હરામજાદી કહી હતી. તેમણે ચૂંટણી પ્રચાર દરમ્યાન કોંગ્રેસ અને રાહુલ ગાંધીને ગાળો આપવાનું ચાલુ રાખ્યું છે. હવે રૂપાણી સરકારના મંત્રીઓ પણ શરમ નેવે મૂકીને રાહુલ ગાંધી સામે અપશબ્દો વાપરી રહ્યાં છે.

નર્મદા જિલ્લામાં યોજાયેલી ચૂંટણી સભામાં વન અને પર્યાવરણ મંત્રી ગણપત વસાવાએ કહ્યું હતું કે રાહુલ ગાંધી ખુરશીમાંથી ઉભા થાય ત્યારે કુતરાનું ગલુડિયું ઉભું થયું હોય તેમ લાગે છે. રાહુલને પાકિસ્તાન કે ચીન એક રોટલી નાંખી જાય તો પણ ચાલે. રૂપાણી સરકારના આ મંત્રી ચૂંટણી પ્રચારમાં બેફામ નિવેદનો આપી રહ્યાં છે છતાં મુખ્યમંત્રી કે પાર્ટીના રાજનેતાઓ તેમને ઠપકો સુદ્ધાં આપતા નથી.

બીજી તરફ કોંગ્રેસના ધાનેરાના ધારાસભ્ય નાથાભાઈ પટેલે જનસભામાં કહ્યું હતું કે કોઈ પાર્ટી દારૂની પોટલી કે રૂપિયા આપે તો લઈ લેજો પરંતુ મત કોંગ્રેસને આપજો. ગુજરાતમાં રાજકીય નેતાઓ ચૂંટણી પ્રચારમાં ભાન ભૂલી રહ્યાં છે. ભાજપની જેમ કોંગ્રેસના નેતાઓ પણ પાછળ નથી. જો કે ભાજપના પ્રદેશ પ્રમુખ અને ગણપત વસાવા જે ભાષણો કરી રહ્યાં છે તે સિદ્ધાંતોના દાવા કરતી અને કેડરબેઝ પાર્ટીને શોભતા નથી.

ગુજરાતમાં વિધાનસભા અને લોકસભાની ઘણી ચૂંટણીઓ યોજાઈ ગઈ છે પરંતુ બન્ને પાર્ટીના સિનિયર નેતાઓએ આટલો હલકો પ્રચાર ક્યારેય કર્યો નથી. ભાજપના સિનિયર નેતા અટલ બિહારી વાજપેયીની જનસભા સાંભળવા કોંગ્રેસના નેતાઓ પણ પ્રથમ હરોળમાં બેસીને વાજપેયીને સાંભળતા હતા. વાજપેયી ક્યારેય મર્યાદા ચૂક્યા નથી. તેઓ વડાપ્રધાન ઈન્દિરા ગાંધી કે રાજીવ ગાંધીની ટીકાઓ કરતા હતા પરંતુ તેમાં અપશબ્દો ક્યારેય આવ્યા નથી. વાજપેયી કાવ્યાત્મક ભાષામાં કોંગ્રેસના નેતાઓને પ્રત્યુત્તર વાળતા હતા. આજે કોઈપણ પક્ષ અને નેતામાં આવી શાલીનતા જોવા મળતી નથી.




## ભાજપનું ૧૫ લાખ આપવાનું વચન માત્ર વચન જ હતું : પ્રિયંકા

વાયનાડ, તા. ૨૦

કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધી વાઢેરા હાલના દિવસોમાં ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત છે. આ ક્રમમાં જ પ્રિયંકા વાઢેરા આજે પોતાના ભાઈ અને કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી માટે પ્રચારના હેતુસર કેરલના વાયનાડ પહોંચ્યા હતા. પ્રિયંકાએ અહીં એક રેલીને સંબોધતા કહ્યું હતું કે, પાંચ વર્ષ પહેલા એક સરકાર સત્તામાં આવી હતી જેને પ્રચંડ બહુમતિ આપવામાં આવી હતી. અમારા દેશના લોકોએ ભાજપ સરકારમાં પોતાનો વિશ્વાસ અને આશા રાખી હતી. આ સરકારે સત્તામાં આવ્યા બાદ વિશ્વાસ ગુમાવવાની શરૂઆત કરી દીધી હતી. પ્રિયંકા ગાંધીએ ત્યારબાદ ભાજપના ૧૫ લાખ રૂપિયા આપવાના વચનની યાદ અપાવી હતી. તેમણે ઉમેર્યું હતું કે, લોકો માનવા લાગ્યા હતા કે તેમના ખાતામાં નાણાં આવી જશે પરંતુ આ ગેરસમજને લઈને પ્રથમ વખત સંકેત એ વખતે મળ્યો હતો જ્યારે તેમના અધ્યક્ષે ચૂંટણી બાદ તરત જ જાહેરાત કરી હતી કે, દરેકના બેંક ખાતામાં ૧૫ લાખ રૂપિયા આવશે. આ પ્રકારનું વચન માત્ર ચૂંટણી માટે હતું. રાહુલ ગાંધી આ વખતે અમેઠીની સાથે સાથે વાયનાડમાંથી પણ ચૂંટણી લડી રહ્યા છે.

## ચૂંટણી બાદ યુપીમાં દુશ્મની પાર્ટ-૨ શરૂ થઈ જશે : મોદી

અરેરિયા-એટા, તા. ૨૦

વડાપ્રધાન મોદીએ બિહારના અરેરિયા અને ઉત્તરપ્રદેશના એટામાં આક્રમક ચૂંટણી સભા કરી હતી. એકબાજુ બિહારના અરેરિયામાં રેલી દરમિયાન મોદીએ બાટલા હાઉસનો ઉલ્લેખ કરીને કોંગ્રેસ ઉપર પ્રશ્નો ઉઠાવ્યા હતા.

રેલી દરમિયાન કોંગ્રેસ અને વિપક્ષી પાર્ટીઓને ચેતવણી આપી હતી કે, એર સ્ટ્રાઈક ઉપર આ લોકો પ્રશ્નો કરવાની સ્થિતિમાં નથી. દિલ્હીમાં બાટલા હાઉસ કાંડનો ઉલ્લેખ કરતા કોંગ્રેસ ઉપર પ્રહાર કર્યા હતા. બાટલા હાઉસ ઉપર પ્રશ્નો ઉઠાવવા અને શહીદ જવાનોનું અપમાન એ ગાળામાં કરવામાં આવ્યું હતું.

મુંબઈ હુમલાનો ઉલ્લેખ કરીને કહ્યું હતું કે, મુંબઈમાં હુમલા બાદ કોંગ્રેસના લોકો પાકિસ્તાન પર કાર્યવાહી કરવાના બદલે હિન્દુઓને ત્રાસવાદ સાથે જોડી રહ્યા હતા. એ પ્રકારની વોટ ભક્તિની રાજનીતિ કરવામાં આવી હતી જ્યારે દિલ્હીમાં બાટલા હાઉસમાં જવાનોએ આતંકવાદી નેટવર્કનો પર્દાફાશ કર્યો ત્યારે આતંકવાદીઓ સામે કાર્યવાહીથી ખુશ થવાના બદલે કોંગ્રેસી નેતાઓ રડી રહ્યા હતા. બાટલા હાઉસમાં આતંકવાદીઓને જવાનોએ ઠાર માર્યા હતા.

## મફતમાં લોકસભાની ચૂંટણી જીતી શકાય? એક ઉમેદવારનો ખર્ચ ફક્ત ૬૨૦ રૂપિયા

ગાંધીનગર

ભારત દેશમાં કોઈપણ ચૂંટણી મફતમાં જીતી શકાય તેવો કોઈ સવાલ કરે તો તેનો જવાબ ના હોય છે પરંતુ ગુજરાતમાં ભૂતકાળમાં બન્યું છે કે કોંગ્રેસના વિધાનસભાના ઉમેદવાર કરમશી મકવાણા એક પણ રૂપિયાનો ખર્ચ કર્યા વિના ચૂંટણી જીતતા હતા. તેમણે ચૂંટણીમાં કોઈ ખર્ચ કર્યો ન હતો. હાલના સમયમાં આવું શક્ય નથી, કેમ કે વિધાનસભા અને લોકસભાની ચૂંટણી ખર્ચાળ બનતી જાય છે. રૂપિયાનો ખર્ચ કર્યા વિના ચૂંટણી જીતી શકાતી નથી.

જાણીને નવાઈ લાગશે કે અમદાવાદ પશ્ચિમ બેઠકના જન સત્ય પથ પાર્ટીના ઉમેદવારે ૧૫મી એપ્રિલ સુધી માત્ર ૬૨૦ રૂપિયાનો ચૂંટણી ખર્ચ કર્યો છે. આ ઉમેદવારને ખર્ચ કર્યો છે તેટલા મત મળે તો પણ તેનો વિજય છે. ચૂંટણીમાં મુખ્ય બે પાર્ટી સિવાયના કેટલાક અપક્ષો એવા હોય છે કે જેઓ ડિપોઝીટ પણ બચાવી શકતા નથી. બીજી તરફ અમદાવાદ પૂર્વના ભાજપના ઉમેદવારે વધુ ૨૨.૧૮ લાખ રૂપિયાનો ખર્ચ કર્યો છે.

અમદાવાદની લોકસભાની બે બેઠકો પૈકી અમદાવાદ પશ્ચિમ બેઠક ઉપર ૧૩ અને પૂર્વ બેઠક ઉપર ૨૬ ઉમેદવારો મેદાનમાં છે. ચૂંટણીમાં કાર્યકરોના ખર્ચા સૌથી વધુ હોય છે, કારણ કે હવે બેનર્સ અને પોસ્ટર્સ પર ચૂંટણી પંચે પ્રતિબંધ લગાવી દીધો છે. મંજૂરી વિના ક્યાંય પણ બેનર્સ લગાડી શકાતા નથી. અમદાવાદ પૂર્વની બેઠક પર કોંગ્રેસના ઉમેદવારે ૧૪.૬૧ લાખનો ખર્ચ કર્યો છે. આ ઉપરાંત આ બેઠકના બીજા ઉમેદવારોએ ૨૪૦૦૦ થી ચાર લાખ રૂપિયા સુધીનો ખર્ચ કર્યો છે.

અમદાવાદ પશ્ચિમ બેઠક પર ભાજપના ઉમેદવારે ૧૫.૨૫ લાખ અને કોંગ્રેસના ઉમેદવારે ૬.૫૬ લાખનો ખર્ચ કર્યો છે. ચૂંટણી પંચના નિર્દેશ પ્રમાણે લોકસભાની ચૂંઠણીમાં મહત્તમ ૭૦ લાખ રૂપિયાનો ખર્ચ કરી શકાય છે. ઉમેદવારે મત ગણતરી પછીના ૩૦ દિવસમાં ચૂંટણી ખર્ચના હિસાબો ચૂંટણી પંચને આપવાના હોય છે. આ ખર્ચના તમામ બીલો પણ રજૂ કરવાના હોય છે.

ભારતના ચૂંટણી પંચે પાર્ટીઓના ચૂંટણી ખર્ચના આંકડા નિયત કર્યા નથી. પાર્ટીઓ માટે ખર્ચની કોઈ લિમિટ બાંધવામાં આવી નથી પરંતુ ઉમેદવારોની ખર્ચ મર્યાદા નિશ્ચિત કરવામાં આવેલી છે. ગુજરાતમાં છેલ્લી ચૂંટણીઓમાં જોવામાં આવ્યું છે કે કોઈપણ બેઠક પર બે થી વધારે ઉમેદવારો હોય તો મુખ્ય બે પાર્ટીઓ સિવાયના ઉમેદવારો તેમની ડિપોઝીટ ગુમાવે છે, કારણ કે તેમને ડિપોઝીટ બચે તેટલા મત પણ મળતા હોતા નથી.